ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં મેડટેક એક્સપો-૨૦૨૩નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ

**કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી ડો. મનસુખ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિ : ફાર્મા સેક્ટરને આત્મનિર્ભરતાની દિશા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના દ્રષ્ટીવંત નેતૃત્વમાં મળી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : ભારતને "વિશ્વની ફાર્મસી" તરીકે માન્યતા આપવામાં આવી છે. હવે સમય આવી ગયો છે કે ભારત મેડિકલ ડિવાઇસીસ સેક્ટરમાં આગેવાની લે અને સસ્તા, ઇનોવેટિવ અને ક્વોલિટી મેડિકલ ડિવાઇસના ઉત્પાદનમાં અગ્રેસર બને : કેન્દ્રીયમંત્રી મનસુખભાઈ ડો.માંડવીયા**







ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ, ફિક્કી અને મેડટેક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન આયોજિત ઈન્ડિયા મેડટેક એક્સપો-૨૦૨૩નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો.

મેડટેક ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા ઉદ્યમીઓ, સ્ટાર્ટઅપ્સ, હોસ્પિટલ્સ, રિસર્ચર્સ અને ઈન્વેસ્ટર્સ સહિત બધા જ સ્ટેક હોલ્ડર્સને અંડર વન અમ્બ્રેલા લાવનારું આ એક્ઝિબિશન ૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન યોજાવાનું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે આત્મનિર્ભરતાની દિશા મળી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડૉ. મનસુખ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ એક્ઝિબિશનને ખુલ્લું મુકતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા કરેલા સંકલ્પ અન્?વયે ભારત ગ્લોબલ મેડટેક હબ થવા સજ્જ બનશે તેની પ્રતીતિ આ એક્ઝિબિશન કરાવે છે.

તેમણે ઉમેર્યું કે, એક સમય હતો કે દેશમાં સ્વાસ્થ્ય સુવિધાઓ અને સંસાધનોનો દાયરો સીમિત હતો અને મોંઘા સાધનો પર નિર્ભર રહેવું પડતું. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં હવે દેશની તસવીર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં મચ્છરોની ઉડાન રોકવા હવે પ્રથમવાર ડ્રોન ઉડશે

**ડ્રોનની મદદથી દવા છંટકાવ કરવામાં આવશે : ઉંચાઇવાળી જગ્યા કે તળાવ સહીતના વિવિધ વિસ્તારમાં ડ્રોનની મદદથી મચ્છરોને ગિરફ્તમાં લેવાશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં હાલ વરસાદી મોસમની સાથે સેકટરોમાં અનેકદુવિધાઓ પાંગરી રહી છે. જયારે વરસાદી પાણીના ભરાવાની સાથે મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધ્યા છે. સેકટરો તેમજ આસપાસના વિસ્તારમાં વધતા મચ્છરોના ઉપદ્રવના લીધે ડેન્ગ્યુ અને મેલેરિયાના રોગચાળાએ જોર પકડયુ છે. કોર્પોરેશનની ટીમ દ્વારા મચ્છરોને ડામવા પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. જયારે સેકટરોના રહેણાંક અને કોર્મશિયલ વિસ્તાર સહીત કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોને ડામવા માટે સ્થળ તપાસ કરી દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. જયારે સેકટરોમાં પણ જનજાગૃતિ કેળવાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

જયારે તળાવ કે અન્ય ઉંચા બિલ્ડીંગો પર મચ્છરોના ઉત્પતિ સ્થાનને ડામવા માટે હવે કોર્પોરેશન દ્વારા નવતર અભિગમ અપનાવાયો છે. ડેન્ગ્યુ . મેલેરિયા અને ચિકનગુનિયાના ઉડતા મચ્છરોને ડામવા માટે હવે ઉડતા ડ્રોનથી દવા છંટકાવ કરવામાં આવશે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમવાર મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો સર્વે કરવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. ડ્રોન મારફતે સર્વે કરી દવા છંટકાવ કરવામાં આવશે. ગાંધીનગરના મેયર હીતેશ મકવાણાની ઉપસ્થિતિમાં વાવોલ ખાતે શુક્રવારે સવારે ૧૦ : ૩૦ કલાકે ડ્રોન મારફતે દવા છંટકાવ કરવામાં આવશે જયારે ડ્રોનની મદદથી ઉંચાઈવાળી જગ્યા કે પાણીથી ભરેલા તળાવ સહીતની જગ્યાએ દવા છંટકાવ કરવામાં પણ સરળતા રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટે કોર્પોરેશનને ૩૧૫૯ અરજી મળી

**૯૬૨ને મંજુરી : ઇમ્પેક્ટ ફીના અમલ માટે ૧૬ ડિસેમ્બર સુધી અરજી કરી શકાશે : છેલ્લી તકનો લાભ લેવા અપીલ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાના સે ૧ થી ૩૦ ઉપરાંત આસપાસના વિસ્તારમાં અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે ઈમ્પેકટ ફીના ધારાધોરણ મુજબ અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે. મહાનગરપાલિકા વિસ્તારમાં ગત ઓકટોબર મહીનાથી આ યોજનાનો અમલ હાથ ધરવામાં આવ્યો છે. જયારે અત્યાર સુધી કોર્પોરેશનને ૩૧૫૯ અરજીઓ મળી છે. જયારે આ અન્વયે ૯૬૨ અરજીઓના કિસ્સામાં મંજુરી આપી અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી તા ૧૬ ડિસેમ્બર સુધીમાં હજુ પણ અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાની તકનો લાભ લેવા માટે પણ મહાનગરપાલિકાએ નગરજનોને અપીલ કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટે વટહુકમ અમલી બનાવાયો છે. જે મુજબ જે અન્વયે તા ૩૦ સપ્ટેમ્બર વર્ષ ૨૦૨૨ પુર્વે કરવામાં આવેલા બાંધકામોને નિયમિત કરવા માટે અમલમાં મુકવામાં આવેલા કાયદાની જોગવાઈ ઓકટોબર વર્ષ ૨૦૨૨ થી અમલમાં મુકવામાં આવી છે. જે અન્વયે કોઈપણ મકાન અગર તેના કોઈ પણ ભાગની પરવાનગી સક્ષમ અધિકારી પાસેથી મેળવ્યા વિના તેમજ મંજુરી મેળવી હોય તેવા કિસ્સામાં પણ સુસંગત કાયદાના અમલ વગર પરવાનગીનુ ઉલ્લંઘન કરીને બાંધકામ કર્યુ હોય તેવા કિસ્સામાં અનઅધિકૃત બાંધકામ તરીકે ગણના થાય છે. જો કે આ યોજના અન્વયે માર્જીન , બાંધકામ વિસ્તાર, મકાનની ઉંચાઈ, વપરાશ ફેર તેમજ સહિયારા કોમન પ્લોટમાં થયેલા ૫૦ ટકાની મર્યાદા સુધીનુ પરવાનગીપાત્ર બાંધકામ નિયમિત થઈ શકશે જયારે રેરાના કાયદા હેઠળ નોટીસ આપવામાં આવી હોય, મળવાપાત્ર એફ એસ આઈ ૧.૦ થી ઓછી હોય, પ્લોટની હદથી બહાર નિકળતા પ્રોજેકશન, પાણી, ગટર તેમજ ઈલેકટ્રીક ગેસ લાઈન સહીતની જાહેર ઉપયોગી સેવાઓ ઉપર બાંધકામ કર્યુ હોય, ફાયર સેફટી કે પાર્કીંગની વ્યવસ્થા ન જળવાતી હોય ઉપરાંત સરકાર કે સ્થાનિક સત્તામંડળોની જમીન પર ચોક્કસ હેતુ માટે બાંધકામ કર્યુ હોય તેવા પ્રકારના બાંધકામોને નિયમિત કરી શકાશે નહીં. જયારે આ યોજના અન્વયે અનઅધિકૃત વિકાસ નિયમિત કરવા માટે નકશા

● અનુસંધાન પાન-૭ પર




પવિત્ર શ્રાવણ મહીનાની ગુરુવારથી શરૂઆત થઈ ગઈ છે. શ્રાવણના પ્રારંભથી જ ભાવિકો શિવભકિતમાં તલ્લીન થઈ ગયા હતા. શહેરના શિવમંદિરોમાં પણ ગુરુવારે ભાવિકોની ભીડ જોવા મળી હતી. શિવમંદિરો ઓમ નમ : શિવાયના જયઘોષથી ગુંજી ઉઠયા હતા. સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાએ ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી જીએ મેયર હિતેશભાઈ મકવાણાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ અવસરે મેયરે તેમનું સ્વાગત- અભિવાદન કર્યું હતું શહેરમાં શાંતિ, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તે બાબતે ચર્ચા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ મેયર સાથે પોલીસ અધિક્ષકે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લઈને સંપૂર્ણ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ.

## ગાંધીનગરના ગૌરવ સમા

# ઈન્દ્રોડા પાર્કમાં સુત્રા સિંહનુ બિમારીના અંતે મોત નિપજયુ

**અગાઉ જુનાગઢના સક્કરબાગમાંથી પાર્કમાં લવાયો હતો : ગ્રીવા અને સુત્રાની જોડી તુટી : લાંબા સમયથી બિમાર સિંહને લીવરની તકલીફ થઇ હતી : સિંહના પોસ્ટમોર્ટમ બાદ વિધિવત અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા : ઇન્દ્રોડા પાર્કના સ્ટાફના સભ્યો તેમજ અધિકારીઓમાં પણ શોકની લાગણી વ્યાપી**



ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં સુત્રા નામના સિંહનુ બિમારીના લીધે મોત થતા ગ્રીવા અને સુત્રા સિંહની જોડી તુટી છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અંદાજિત ૫ વર્ષ અગાઉ આ સિંહ જુનાગઢ રેન્જના સુત્રપાડાથી ઈન્દ્રોડા પાર્કમાં લવાયો હતો. ગ્રીવા અને સુત્રા સિંહની આ જોડી પ્રકૃતિ પ્રેમીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જયારે ગાંધીનગરની આગવી ઓળખ સમા આ સિંહની જોડીને નિરખવા માટે પણ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવતા હતા. લાંબા સમયથી બિમાર રહેતા આ વૃધ્ધ સિંહનુ મોત નિપજતા પેનલ ડોકટરે પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યુ હતુ. ઈન્દ્રોડા પાર્કના સ્ટાફના સભ્યો તેમજ અધિકારીઓએ પુષ્પાંજલિ આપી વિધિસર અગ્નિસંસ્કાર કર્યા હતા. સિંહના મોતથી ઈન્દ્રોડા પાર્કના સ્ટાફના સભ્યો તેમજ પ્રકૃતિ પ્રેમીઓમાં પણ શોકની લાગણી વ્યાપી છે.

ગુજરાતમાં એશિયાટીક લાયન દરેક ગુજરાતીઓ ગૌરવની લાગણી અનુભવે છે. આ સિંહ માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે. એક સપ્તાહ અગાઉ જ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી સૌ ગુજરાતીઓએ પણ પ્રાઉડ ફીલ કર્યુ હતુ. ગાંધીનગરનુ ઈન્દ્રોડા પાર્ક વૈવિધ્યસભર પ્રાણીઓ અને પ્રાકૃતિક સૌદર્યથી સમૃધ્ધ છે. જયારે ગાંધીનગરના અ પાર્કમાં સિંહને સ્થાન આપી ગાંધીનગરનુ ગૌરવ વધારાય તેવી લાગણી પણ સ્થાનિકોમાં પ્રબળ બની હતી જેને અનુલક્ષીને વર્ષ ૨૦૧૮માં જુનાગઢના સક્કરબાગમાંથી સિંહની જોડી ઈન્દ્રોડા પાર્કમાં લવાઈ હતી. ત્યારબાદ આ નવી જોડીને ઓપન મોટમાં પાંજરામાં મુકવામાં આવ્યો હતો.

જયારે આ સુત્રા નામનો સિંહ ૧૬ વર્ષનો થયો હતો બિમાર અને વૃધ્ધ સિંહની તબિયત છેલ્લા કેટલાક સમયથી બગડી હતી વૃધ્ધ સિંહને ઘણી બિમારી થઈ હતી જયારે લીવરમાં પણ પણ તકલીફ થઈ હતી. જેને અનુલક્ષી ઈન્દ્રોડા પાર્કના તબીબો દ્વારા પણ તેને ઘણાં સમયથી સારવાર આપી સ્વસ્થ થઈ જાય તેવો પ્રયાસ પણ કરવામાં આવતો હતો. આ સ્થિતિ વચ્ચે બિમાર સુત્રા સિંહે ગઈકાલે ભોજન લેવાનુ પણ બંધ કરી દીધુ હતુ. જેના અંતે વહેલી સવારે સુત્રાએ આખરી શ્વાસ લીધા હતા. જયારે સુત્રા સિંહનુ મોત થતા ઈન્દ્રોડા પાર્કમાં સિંહની જોડી વિખુટી પડી હતી. મૃત સિંહનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ પાર્કના સ્ટાફના સભ્યો તેમજ અધિકારીઓએ પુષ્પાંજલી અર્પણ કરી હતી. સિંહની સારવાર અને દરકાર લેતા ઈન્દ્રોડા પાર્કના સ્ટાફમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી હતી. બિમારીના અંતે સુત્રા સિંહનુ મોત નિપજતા તેને વિધિવત અગ્નિસંસ્કાર પણ કરવામાં આવ્યા હતા.





ભારત દેશના નાગરિકો પોતાના કામધંધા અર્થે વિશ્વના ખુંણે ખુંણે સ્થાયી થયા છે. દેશ છોડીને બીજે વસવાટ કરતા ભારતીયોના માનસમાં દેશભકિત છલકાઈ રહી છે. દેશમાં ૭૭ માં સ્વાતંત્ર પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે યુ કે માં પણ સ્વાતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે ભારતના દેશપ્રેમીઓએ ત્રિરંગા યાત્રાનુ આયોજન કર્યુ હતુ. જેમાં ૫૦૦ થી વધુ દેશભકતો બાઈક સાથે જોડાયા હતા.

# સેકટરવાસીઓને ગેસ બિલ મળ્યા નથી : ભાવ વધારાના અભાવે મીટર રીડીંગની કામગીરી ઠપ્પ

**ગાંધીનગર ચાંદખેડામાં ગેસ મીટર રીડર્સ તરીકે કામ કરતા ૨૦ને પરિવારો આર્થિક ભીંસમાં મુકાય તેવી સ્થિત : ગ્રાહકાને ૭૦ દિવસના અંતે પણ બીલ ન મળ્યા હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં ગેસ બિલના વિતરણની કામગીરી ખોરંભે પડી છે. અત્યાર સુધી ૬૦ દિવસના અંતે બીલ મળી જતુ હતુ જયારે આ વખતે ૭૦ દિવસના અંતે પણ ગ્રાહકોને બીલ મળ્યા નથી જયારે મીટર રીડીંગનુ કામ કરતા ગાંધીનગર ચાંદખેડાના ૨૦ રીડર્સે પણ ભાવ વધારાની માંગ સાથે રીડીંગ કરવાની કામગીરી બંધ કરી છે. સંબંધિત એજન્સીના નવા કોન્ટ્રાકટ મુજબ પુરતો ભાવ મળતો નથી જેના લીધે મીટર રીડીંગનુ કામ કરતા ૨૦ જેટલા રીડર્સે પોતાના પરિવારોનુ ગુજરાન ચલાવવાના મામલે પણ મુંઝવણભરી સ્થિતિ ઉભી થઈ છે.

ગાંધીનગરમાં આ મહીને ગુજરાત ગેસના પી એન જી બીલનુ વિતરણ ખોરંભે પડયુ છે. જેના લીધે ૭૦ દિવસથી વધુ સમયના અંતે પણ ગ્રાહકોને બિલ મળ્યા ન હોવાનો રોષ પ્રવર્તાયો છે. બીજીતરફ મીટર રીડીંડનુ કામ કરતી એજન્સીના સ્ટાફના ૨૦ થી વધુ સભ્યોને પુરતા પૈસા ન મળતા હોવાનો આક્રોશ પણ પ્રવર્તયો છે. જયારે બીલ નિયત સમયે ગેસ બીલ ન મળતા ગ્રાહકોએ વધારાનો ચાર્જ ચુકવવાનો વારો આવશે તેવો રોષ પણ પ્રબળ બન્યો છે. ગુજરાત ગેસમાં કોન્ટ્રાકટ બેઈઝ પર કામ કરતા મીટર રીડર્સે ભાવ વધારાની માંગણી કરી છે. પરંતુ આ ભાવ વધારાની માંગણીનુ નિરાકરણ આવ્યુ નથી કોન્ટ્રાકટરે ઓછા ભાવે ટેન્ડર ભર્યુ છે.

ગાંધીનગર ચાંદખેડામાં થઈને કુલ ૨૦ મીટર રીડર છે. જેમાં એક મીટર રીડીંગ દીઠ ૪ રૂ ચુકવાતા હતા જેમાં મીટર રીડીંગ અન્વયે રૂ ૫ ની માંગણી કરવામાં આવી છે. જયારે હાલ નીચા ભાવે ટેન્ડર ભરવામાં આવ્યુ છે. હાલ આ ટેન્ડર મુજબ ૩. ૯૦ પૈસામાં ચુકવવાની વાત છે. મીટર રીડરીંગનુ કામ કરનારે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર ચાંદખેડા વિસ્તારમાં અમે છેલ્લા દોઢ દાયકાથી કામ કરીએ છીએ જયારે હવે ભાવ વધારો માંગતા અમને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી અમારુ શોષણ થાય છે. જેના લીધે અમારા માટે પરિવારોનુ ગુજરાન ચલાવાનુ પણ મુશ્કેલ બને તેવી સ્થિતિ છે. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં ૬૦ દિવસના અંતે બિલ વિતરણની કામગીરી હવે શરૂ કરવામાં આવી છે. જેના લીધે હાલ પણ સેકટરોમાં બીલ મળ્યા નથી. ભાવ વધારાની માંગણીના અંતે નવા માણસોના આધારે એજન્સીએ કામ શરૂ કરાવી દીધુ છે. જેના લીધે મીટર રીડીંગ કરતા ૨૦ વ્યકિતઓના કુંટુંબના ભરણ પોષણ મામલે પ્રશ્ન ઉભો થયો છે. આગામી દિવસોમાં આ મામલે ગુજરાત ગેસના ઉચ્ચ અધિકારીઓને રજુઆત કરવામાં આવશ તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

# આગામી ૧૮ થી ૨૧ ઓગષ્ટ દરમિયાન વરસાદના હળવા ભારે ઝાપટા વરસશે : અંબાલાલ પટેલ

**ગાંધીનગર અમદાવાદ સહીત ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સાબરકાંઠા, પંચમહાલના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધો છે. જયારે ઓગષ્ટ મહીનાના પ્રારંભે વરસાદી ઝાપટા વરસ્યા બાદ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાદળો અદ્રશ્ય છે. હવામાન શાસ્ત્રીના જણાંવ્યા મુજબ આગામી તા ૧૮ થી ૨૧ ઓગષ્ટના રોજ મઘા નક્ષત્રમાં વરસાદી ઝાપટા વરસશે ગાંધીનગર અને અમદાવાદમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટા વરસશે મઘા નક્ષત્રનો વરસાદ કૃષિ પાકો માટે પણ સારો ગણાય છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ આ વખતે ચોમાસુ જુલાઈ મહીનામાં દેશના ભાગોમાં સારુ રહ્યુ છે. ઓગષ્ટના શરૂઆતમાં કાંઈક અંશે વરસાદ થયો હતો પરંતુ મહીના અગાઉના થોડાક દિવસો બાદ વરસાદમાં વિલંબ થયો છે. હવે ઘણાં ભાગોમાં વરાપ થવામાં છે. પરંતુ વરસાદની તાતી જરૂર છે. પેસિફીક મહાસાગરમાં જળવાયુ ગરમ છે. આ ઉપરાંત ભુમધ્યમહાસાગર ઉત્તર પેસિફીક મહાસાગર આસપાસ ત્રણથી ચાર ટ્રોપિકલ સ્ટોર્મ બન્યા હતા. જેનો ભેજ પેસિફિક મહાસાગર તરફ જતા ભારત પર આવતા દક્ષિણ ગોળાર્ધના સાનુકુળ પવનો આવી શક્યા નથી. ભુમધ્યમહાસાગરની આસપાસ બનતા ટ્રેડ પવનો નબળા છે. અલનીનો ભય પણ છે. આથી દેશના પુર્વીય ભાગોમાં વરસાદ વરસી રહ્યો છે. આસામ તરફ વરસાદ હોય તો તેનાથી વિપરિત સિંધ ભોગવે છે. આથી ઉત્તર પશ્ચિમ ભારતમાં વરસાદની ખેંચ જણાંય છે. પરંતુ હીન્દ મહાસાગર સાનુકુળ હોય તો કાંઈક અંશે ભારતનુ ચોમાસુ સાનુકુળ રહી શકે. તા ૧૭ ઓગષ્ટથી મઘા નક્ષત્રમાં સુર્ય આવે છે. બંગાળના ઉપસાગરમાં આ અરસામાં હવાનુ હળવુ દબાણ ઉભુ થવાની સંભાવના છે. જે દબાણ પુર્વીય મધ્યપ્રદેશ સુધી આવી શકવાની સંભાવના છે. આથી ગુજરાતમાં કેટલાક ભાગોમાં હળવો વરસાદ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com